# માતૃત્વના લાંબા બ્રેક બાદ કરિયરમાં વાપસીનો પડકાર






આજની નારીઓ કરિયર ઓરિએન્ટેડ બની છે. ઉચ્ચ શિક્ષણ મેળવે એટલે તેનો સારો ઉપયોગ થાય અને તે આર્થિક રીતે આત્મનિર્ભર બને, તેની સ્કીલ્સ તે દુનિયા સમક્ષ બતાવી શકે અને નામના મેળવી શકે તથા ઇન્ડિપેન્ડન્ટ બની શકે. સારી લાઈફ સ્ટાઈલ જેવી શકે. એ માટે તે ઉચ્ચ શિક્ષણ મેળવી તેના ફિલ્ડમાં કરિયર બનાવે છે. જો કે સામાજિક વ્યવસ્થા અને તેની પોતાની ઈચ્છા લગ્ન કરી એક સારી અર્ધાંગિની અને માતા બનવાની હોય છે. જ્યારે તે ગર્ભધારણ કરે છે ત્યાર પછી મેટરનીટી લીવ મેળવે અને બાળકના જન્મ બાદ શિશુને માતાની જરૂરિયાત હોય એટલે સ્ત્રી પોતાની જોબ, પોતાના વ્યવસાયમાંથી લાંબાગાળાનો એટલે કે ત્રણ- ચાર કે આઠ-દસ વર્ષનો બ્રેક લઈ લેતી હોય એવું ક્યારેક બને. તેના બાળકને સાચવવા માટેની જો તેની પાસે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ના હોય અથવા હસબન્ડ- વાઇફ એકલાં રહેતાં હોય ત્યારે તે સ્ત્રીએ અનિવાર્ય રીતે પોતાના વ્યવસાયમાંથી લાંબા ગાળાનો બ્રેક લેવો પડતો હોય છે. બાળક સ્વતંત્ર રીતે પોતાની દેખરેખ રાખી શકે તેટલું કેપેબલ બન્યું હોય કે પછી તેની સારસંભાળ માટે બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા થાય પછી તે સ્ત્રી ફરી પોતાની જોબમાં, પોતાના વ્યવસાયમાં કમબેક કરતી હોય ત્યારે તેને કયા કયા ચેલેન્જીસનો સામનો વર્ક પ્લેસ પર અને તેના પારિવારિક જીવનમાં કરવો પડે છે, વ્યવસાયમાં ફરી સેટ થવું અઘરું લાગે ત્યારે તેને જોબ છોડી દેવાનો કોઈ વાર વિચાર આવે છે ખરો? આપણે સુરતની કેટલીક સન્નારીઓ પાસેથી જાણીએ કે જેમણે માતા બન્યા બાદ પોતાની કરિયરમાં લાંબા સમયનો બ્રેક લીધા બાદ ફરી કમબેક કર્યું હોય...

## ચાર વર્ષના બ્રેક બાદ વકીલાતની પ્રેક્ટિસમાં પાછી ફરી ત્યારે ઘણી બાબતો નવેસરથી શીખવાની આવી: રશ્મિ કાનાણી

કામરેજ તાલુકાના ખોલવડ ગામમાં રહેતાં 35 વર્ષીય રશ્મિબેન શૈલેષભાઈ કાનાણી વ્યવસાયે એડવોકેટ છે. તેમણે જણાવ્યું કે, ‘‘2017થી મેં વકીલાતની પ્રેક્ટિસ શરૂ કરી હતી. આ જ વર્ષમાં મારા મેરેજ શૈલેષ કાનાણી સાથે થયાં. 2019માં મારી દીકરીનો જન્મ થયો. પ્રેગ્નન્સીના 7 મહિના સુધી મેં પ્રેક્ટિસ ચાલુ રાખી હતી. ત્યાર બાદ મેં ચાર વર્ષનો બ્રેક લીધો હતો. ચાર વર્ષ બાદ જ્યારે મેં પાછી પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે તો ‘નવી ગિલ્લી નવો દાવ’ની જેમ મારે નવેસરથી કામ શરૂ કરવું પડ્યું, ડોક્યુમેન્ટરી વર્કમાં, કોર્ટ પ્રોસેસમાં ચેન્જ આવ્યો હતો. એક તો મારે દીકરીને સંભાળવાની, ઘરનાં કામોની જવાબદારી ઉઠાવવાની, પ્રેક્ટિસ કરવાની ઘણો ચેન્જ મારી લાઈફમાં આવ્યો હતો. વળી, મારી ઓફિસ મોટા વરાછામાં છે એટલે કામરેજથી મોટાવરાછા આવવા 8થી 9 કિલોમીટરનું અંતર કાપવાનું અને ત્યાંથી કોર્ટ સુધીનું 8થી 9 કિલોમીટર અંતર કાપવું પડે. મારું ડ્રીમ મારી વકીલાતની ફિલ્ડમાં નામના મેળવવાનું છે. મારું આ ડ્રિમ પૂરું થાય તે માટે મારા હસબન્ડ મને પુશ કરે છે. તે કહેતા હોય છે કે તારું ડ્રિમ પૂરું કરવા તું આગળ વધ હું તારી સાથે છું. મારે મારી ફિલ્ડના સુરત સિટી બહારનાં કામો પણ સંભાળવાનાં હોય ત્યારે મારે સિટી બહાર જવાનું હોય એ વખતે દીકરીની બહુ યાદ આવે, આવી સ્થિતિ હોય ત્યારે એવું લાગે બધાં જ કામ છોડી દઉં અને માત્ર હાઉસ વાઈફ બનીને રહું. મેં જ્યારે 4 વર્ષના બ્રેક બાદ ફરી પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે આજુબાજુનાં લોકો એવું કહેતાં હતાં કે તું દીકરીને મૂકીને આવે છે તો તને ગમે છે? તું હવે ફરી સેટ થઈ શકીશ આ ફિલ્ડમાં? ઘણો ચેન્જ આવ્યો છે તમારા ફિલ્ડમાં તો શું તમે નવું શીખી શકશો? એવા ઘણા સવાલો થતાં.’’



## મેં તો આખો પ્રોફેશન જ ચેન્જ કર્યો હતો એટલે શરૂઆતમાં ઘણા ચેલેન્જિસ મારી સામે હતા: રિયા રાણા

રાંદેર તાડવાડી વિસ્તારમાં રહેતાં 31 વર્ષીય રિયાબેન રાણા સ્કૂલમાં ટીચર છે. તેમણે જણાવ્યું કે, ‘‘2017માં મારા મેરેજ કરણ રાણા સાથે થયા ત્યાર પહેલાંથી હું સચિનમાં ડાઈસ ઇન્ડસ્ટ્રીમાં લેબોરેટરીમાં ક્વોલિટી ચેકીંગનું કામ કરતી હતી. પ્રેગ્નન્સી દરમિયાન મેં જોબમાં બ્રેક લીધો. હવે ઘરે રહેવા મળતું એટલે બપોરે ઊંઘવાની આદત પડી. દીકરાના જન્મ બાદ સાડા ત્રણ વર્ષ હું ઘરે જ રહી પછી મેં ફરી જોબ સ્ટાર્ટ કરી. ત્યારે શરૂઆતમાં ફરી જોબમાં એડજસ્ટ થવું હાર્ડ લાગ્યું. કમબેક પહેલાં તે કમ્પનીમાં જે પ્રોડક્ટ બનતી તેને ચેક કરવાની મેથર્ડ સેમ હતી જ્યારે કમબેક કર્યું ત્યારે નવી એક પ્રોડક્ટ બનવા લાગી જે શીખવું મને થોડું હાર્ડ લાગતાં બહારથી કેમિસ્ટને બોલાવવો પડ્યો હતો મને શીખવવા માટે. પછી તો તે કંપની બંધ થઈ. મેં સચિનમાં જ બીજી કંપનીમાં જોબ માટે એપ્લાય કર્યું હતું પણ મને જૂની કંપનીની જેમ ફ્લેક્સીબલ ટાઈમ નહોતો મળતો. એક તો રહેવાનું અડાજણ અને જોબ છેક સચિનમાં એટલે દીકરાને છોડીને એટલે દૂર જોબ પર જવા માટે મન નહીં માનતું. પછી તો મેં પ્રોફેશન જ ચેન્જ કરી નાખ્યો. મેં M.Sc. કર્યું હતું તો મારા હસબન્ડે મને B.Ed. કરી ટીચિંગનું પ્રોફેશન અપનાવવા પુશઅપ કરી. પછી તો આખો પ્રોફેશન જ બદલાતાં શરૂઆતમાં હાર્ડ લાગ્યું. મને સ્કૂલમાં ડાયરેક્ટ 8, 9, 10મા ધોરણનાં બાળકોને ભણાવો તેવું કહેવાયું પણ એ વખતે મારું કોન્ફિડન્સ લેવલ થોડું ઓછું હતું એટલે હું બીજા, ત્રીજા ધોરણનાં બાળકોને ભણાવવા લાગી. આનું એક કારણ એ પણ હતું કે, એજ્યુકેશન ફિલ્ડમાં પણ ઘણા ચેન્જિસ આવ્યા હતા. વળી, હું ગુજરાતી મીડિયમમાં ભણી હતી, અહીં મારે અંગ્રેજી મીડિયમમાં ભણાવવાનું હતું. હું જે ભણી હતી તે તો તદ્દન ચેન્જ હતું. વળી, સ્કૂલોમાં સેમેસ્ટર પ્રથા દાખલ થઈ હતી તેમાં બે એક્ઝામ આવે. આ ઉપરાંત ડિજિટાલાઇઝેશન પણ મારા માટે ચેલેન્જિંગ હતું પણ હું ધીરે ધીરે આગળ વધી રહી છું. હવે હું ચોથા ધોરણનાં બાળકોને પણ ભણાવું છું. વળી, મને જ્યાં જ્યાં ડિફિકલ્ટી આવી ત્યાં મને સ્કૂલમાં બધા હેલ્પ કરતાં. શરૂઆતમાં ટીચિંગ લેવલનો અનુભવ નહોતો પણ હવે મારું કોન્ફિડન્સ લેવલ ઘણું વધી ગયું છે. વળી સ્કૂલમાં તો જાહેર રજા ઘણી મળે છે એટલે હું મારા બાળક સાથે ટાઈમ સ્પેન્ડ સારી રીતે કરી શકું છું. અમે હસબન્ડવાઈફે દીકરાની જવાબદારી વહેંચી લીધી છે. હું સવારે દીકરાનું લંચ બોક્સ બનાવું અને મારા હસબન્ડ તેને સ્કૂલ યુનિફોર્મ પહેરાવે, શૂઝ પહેરાવે, સ્કૂલ વેન સુધી તેને મૂકવા જાય. મારાં સાસુ પણ ઘણું બધું હેન્ડલ કરે એટલે મને સાસુનો પણ સપોર્ટ મળી જાય છે.’’



## 10 વર્ષના બ્રેક બાદ જોબ સ્ટાર્ટ કરી ત્યારે યંગજનરેશન સાથે કામ કરવું થોડું અઘરું લાગ્યું પણ તેમનો જ સારો સપોર્ટ મળ્યો : દિશા મહેતા

રાંદેર તાડવાડી વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય દિશાબેન મહેતા બેન્કિંગ સેક્ટરમાં જોબ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘2007માં મારા મેરેજ થયાં તે પહેલાંથી જ હું ફાયનાન્સ સેક્ટરમાં જોબ કરતી હતી. ત્યારે ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટમાં હતી હવે મારું વર્ક લોન ડિપાર્ટમેન્ટમાં છે. મેરેજ બાદ 2009માં મારા દીકરાનો જન્મ થયો એટલે તે સમયે મેં જોબમાં 10 વર્ષનો લાંબાગાળાનો બ્રેક લીધો હતો. શોખ માટે નહીં પણ મારા માટે જોબ કરવી અનિવાર્ય હોવાથી મારે મારા કરિયરમાં કમબેક કરવું પડે તેવું જ હતું. કમબેક કરવું આસન નથી હોતું. 10 વર્ષ પહેલાં મારી સમકક્ષ ઉંમરની વ્યક્તિઓ સાથે જોબ કરી હતી, હવે યંગ જનરેશન સાથે કામ કરવું પડ્યું તે થોડું ડીફીકલ્ટ લાગ્યું. કયાંક હું તેમની સાથે મેચ નહીં થઈ શકું એવું અનુભવ્યું હતું. જોબ પર કમબેક કર્યું ત્યારે મને ડિજિટાલાઈઝેશન ચેલેન્જીંગ લાગ્યું કેમ કે, 10 વર્ષ પહેલાં આટલું બધું ડિજિટાલાઇઝેશન નહોતું. પહેલાં હું આટલું બધું કમ્પ્યુટર યુઝ નહોતી કરતી અને હવે ડિજિટાલાઇઝેશનને કારણે કોમ્પ્યુટર થ્રુ કામ કરવું પડે એટલે નવું નવું શીખવું થોડું મુશ્કેલ લાગ્યું પણ મારામાં નવું શીખવાની ધગશ હતી એટલે શીખતાં વાર ન લાગી. તમે નહીં માનો પણ મારે એકાઉન્ટ ક્ષેત્રમાં જ આગળ વધવું હતું એટલે મેં જોબ સાથે ત્રણ વર્ષનો બેન્કિંગ ક્ષેત્રનો કોર્સ કર્યો સાથે સાથે મારી સ્ટડી પણ કમ્પ્લીટ કરી. આજે હું એ પોઝિશન પર છું કે, મારાથી સારું ભણેલા આજે મારા હાથ નીચે કામ કરે છે. હા, જ્યારે મેં કમબેક કર્યું ત્યારે મારે ઘણી બાબતો નવી શીખવાની હતી ત્યારે હું કશે ગુંચવાઈ હોઉં, કશે સમજ ના પડી હોય અને સીનિયરનું ગાઈડન્સ માંગું તો તેઓ બિઝી હોવાનું કહેતા. મને મારા ફેમિલી અને મારા ફ્રેન્ડ્સ ગ્રુપનો કરિયરમાં આગળ વધવા માટે ઘણો સપોર્ટ મળ્યો. મને યંગ જનરેશના લોકોએ ડિજિટાલાઇઝેશનમાં નવું શીખવા માટે પ્રેરિત કરી. હું ઘરનું અને ઓફિસનું બંને કામમાં બેલેન્સ જાળવીને મારી કરિયરને ઊંચાઈ પર લઈ જઈ રહી છું. કમબેકના થોડા સમયમાં જ હું મારા વર્કમાં એટલી પાવરધી થઈ ગઈ કે હવે મને મારી જોબમાં તો ચેલેન્જિંગ જેવું નથી લાગતું.’’



## ક્યારેક ક્યારેક નોકરી છોડી દેવાનું મન થતું પણ સ્કૂલનો સારો સપોર્ટ મળ્યો: મીના પાટીલ

વેસુ વિસ્તારમાં રહેતાં 37 વર્ષીય મીના સચિનભાઈ પાટીલ સ્કૂલમાં ટીચર છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા મેરેજ 2011માં થયા તે પહેલાં હું પીપળોદ સ્થિત એક સ્કૂલમાં ટીચર હતી. મારા લગ્ન મહારાષ્ટ્રમાં થયા પણ ત્યાં મને જોબમાં ફાવે એવું નહોતું તો હું અને મારા હસબન્ડ સુરત આવ્યાં અને મેં ફરી જૂની સ્કૂલમાં જ ભણાવવાનું સ્ટાર્ટ કર્યું. જો કે પછી મને ઉધના મગદલ્લાની સ્કૂલમાં જોબ મળી. એકાદ વર્ષ બાદ મને પ્રેગ્નન્સી રહી. પ્રેગ્નન્સીના થોડા મહિના મેં જોબ કન્ટીન્યુ રાખી પણ પછી ટીચિંગમાંથી બ્રેક લીધો. દીકરાના જન્મ બાદ ત્રણ વર્ષ તેની સંભાળમાં જ વિતાવ્યાં. દીકરો ત્રણ વર્ષનો થતાં ફરી મેં ઉધના મગદલ્લાની સ્કૂલમાં જ ભણાવવાનું સ્ટાર્ટ કર્યું. ત્રણ વર્ષ દીકરામાં જ રહી હતી એટલે વાંચન તરફ દુર્લક્ષ થયું હતું એને કારણે સ્કૂલમાં જ્યારે કોઈ ટોપિક પર ચર્ચા થતી ત્યારે હું તેમાં ભાગ લેતાં અચકાતી. મને ક્યારેક એવું લાગતું કે હું બીજા કરતાં નોલેજમાં પાછળ રહી ગઈ છું. વળી, મારી ભણાવવાની શૈલી પણ થોડી સ્લો થઈ હોવાનું મને ફીલ થયું હતું. આત્મવિશ્વાસની થોડી કમી હતી. જો કે આ સ્થિતિ કમબેક કર્યું તેની શરૂઆતમાં હતી પછી તો હું રૂટિનમાં આવી ગઈ હતી. પરિવારને આર્થિક ટેકો મળી રહે તે માટે મેં જોબ સ્વીકારી હતી. વળી, બીજું કારણ આ સ્કૂલમાં મારી સાથે મારું બાળક લાવવાની પરમિશન મળી હતી. કમબેકના શરૂઆતમાં કામોને પહોંચી વળવું ક્યારેક મુશ્કેલ લાગતું ત્યારે જોબ છોડી દેવાનો વિચાર પણ આવતો. જો કે મારા હસબન્ડ બહુ સપોર્ટિવ છે. હું સવારે દીકરાને નવડાવીને, તેને ખવડાવીને પછી સુવડાવી દેતી અને પછી સ્કૂલ જતી. બપોરે એક વાગે મારા હસબન્ડ દીકરાને ઉઠાડે અને તેને જમાડી મારી પાસે સ્કૂલમાં છોડવા આવતા. વળી, મારી સ્કૂલ તરફથી પણ મને ઘણો સપોર્ટ મળ્યો. ફરી જોબ સ્ટાર્ટ કરી ત્યારે હાફ ડે ભરીને ઘરે જવાની પરમિશન વરસાદી સીઝનમાં સ્કૂલ તરફથી મળી હતી. હું સ્કૂલમાં જ પીલુડીના ઝાડની ડાળી પર ઝુલો બનાવી દીકરાને સૂવડાવતી. સ્કૂલના સ્ટાફમાંથી કોઈ ને કોઈ મારા દીકરાને ખવડાવે, હીંચકો નાખે એવી રીતે મને સપોર્ટ મળ્યો હતો. હવે મારો દીકરો 12 વર્ષનો થઈ ગયો છે.’’



## 5 વર્ષના બ્રેક બાદ પાછી ફરી ત્યારે સિસ્ટમ ઘણી ચેન્જ હતી પણ મારું કોન્ફિડન્સ લેવલ ઊંચું હતું: સલોની મહેતા

વેસુ વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય સલોની પાર્થ મહેતા એક પ્રિ-સ્કૂલમાં સેન્ટર હેડના પદ પર કાર્યરત છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા મેરેજ 2014માં થયાં હતાં તે પહેલાંથી જ હું જોબ કરતી હતી. એક ફર્મમાં ટેરેટરી મેનેજર હતી. 2018માં હું ટ્વીન્સ ડોટરની મધર બની. પ્રેગ્નન્સીના ત્રણ મહિના સુધી મેં જોબ કરી પછીથી મેં બ્રેક લીધો હતો. મારાં બાળકોને મેં પૂરતો સમય આપ્યો, તેમને ઇન્ડિપેન્ડન્ટ કર્યાં. તેઓ પોતાનાં અમુક કામો જાતે કરતાં થયાં પછી પાંચ વર્ષના લાંબા બ્રેક પછી મેં ફરી જોબ સ્ટાર્ટ કરી. જો કે આસાન નહોતું. હું જોબ પર પાછી તો ફરી પણ મારા માટે સ્પેસ નહોતી રાખી. મારી પોઝિશન પર બીજું કોઇ સેટ થયું હતું. મારે બીજે જોબ શોધવી પડી. પછી તો મારી મહેનતના દમ પર મેં સારી પોઝિશન મેળવી લીધી. હું એક સ્કૂલમાં સેન્ટર હેડની પોઝિશન પર છું. 5 વર્ષના બ્રેક બાદ કમબેક કર્યું પણ ઘર, બાળકો અને જોબ બધું સંભાળવાનું એટલે મારી પાસે જેટલી ક્ષમતા છે, જેટલું નોલેજ છે એનાથી હું જેટલું આગળ વધી શકી હોત એટલું હું આગળ વધી નહીં શકી કેમ કે મારે ઘર માટે પણ ટાઈમ આપવાનો, મારે બાળકો માટે પણ ટાઈમ આપવાનો. લાંબા બ્રેક બાદ પાછી ફરી ત્યારે નવી સિસ્ટમ્સ આવી ગઈ હતી એટલે મારી સામે ફરી સેટ થવાનો પડકાર ઊભો જ હતો પણ મેં મારી પાસે પહેલાંથી જે નોલેજ હતું તેનો પણ ઉપયોગ કર્યો અને નવેસરથી ઘણું શીખી. ડિજિટલી તો હું પહેલાંથી જ અપડેટ હતી. ભલે હું ઘરે હતી પણ હું જ્યારે કરિયરમાં પાછી ફરીશ ત્યારે મારે જે ક્ષમતા બતાવવાની હતી તેની તૈયારી મેં ઘરે રહીને કરી જ હતી. જ્યારે લાંબા બ્રેક બાદ હું નવી જોબ માટે ઇન્ટરવ્યૂ આપવા ગઈ ત્યારે એક એવી ક્ષણ પણ આવી હતી જ્યારે મારું કોન્ફિડન્સ લેવલ ઘટી ગયું હતું. મને થતું હતું કે શું હું સારું પર્ફોર્મ કરી શકીશ પણ ઇન્ટરવ્યૂમાં મેં સારું પર્ફોર્મ કરતાં મારું કોન્ફિડન્સ લેવલ ઊંચે પહોંચ્યું હતું. આજે હું જે છું તે મારા હસબન્ડ અને મારી મમ્મીના કારણે છું. મારી મમ્મી દિગીશા ચોકસી અને મારા હસબન્ડ પાર્થ મહેતા મને ઘણાં સપોર્ટિવ રહ્યાં. મારાં બાળકો સ્કૂલે જવા નીકળે ત્યારે હું પણ મારા કાર્યસ્થળ પર જવા નીકળું અને મારાં બાળકોનો ઘરે આવવાનો ટાઈમ થાય તેના એક કલાક પહેલાં હું ઘરે પહોંચી જાઉં છું. હું વર્ક પ્લેસ અને પારિવારિક જવાબદારી બંનેમાં બેલેન્સ રાખું છું.’’



## ફર્સ્ટ બાળક 10 વર્ષનું થયા બાદ ફરી જોબ સ્ટાર્ટ કરી ત્યારે ડિજિટાલાઇઝેશન મારા માટે ચેલેન્જ હતું: સેજલ સિંહ

અલથાણ વિસ્તારમાં રહેતાં 38 વર્ષીય સેજલ ભૂમિરાજ સિંહ પ્રોફેસર છે. તેમણે જણાવ્યું કે, ‘‘2011માં મારા મેરેજ થયાં ત્યારે હું એમ.બી.એ. કરતી હતી. એજ્યુકેશન કમ્પ્લીટ થતાં કામરેજની એક કોલેજમાં હું વ્યાખ્યાતા તરીકે જોડાઈ. પછી 2013માં મારા પહેલા બાળકનો જન્મ થયો. દીકરાના જન્મ બાદ ફરી જોબ કરવા માંગતી હતી પણ ઘરમાં બીજા બાળક માટે આગ્રહ થતાં અઢી વર્ષ બાદ મેં દીકરીને જન્મ આપ્યો. દીકરાના જન્મના 10 વર્ષ બાદ મેં ફરી કોલેજમાં ભણાવવાનું સ્ટાર્ટ કર્યું પણ આસન નહોતું. ઘર, બાળકોની જવાબદારી અને હવે લેક્ચરર તરીકેની જવાબદારી નિભાવવાની હતી એટલે મારામાં તો કોન્ફિડન્સ હતો જ નહીં કે હું ફરી જોબ કરી શકીશ. જો કે મારા હસબન્ડે મને ઘણો સપોર્ટ કર્યો. હવે મારી લડાઈ ડિજિટાલાઇઝેશન સામે હતી. હું તો એમએસ એક્સેલ, એમએસ વર્ડ આ કશું જ જાણતી નહોતી. 10 વર્ષ પહેલાં અમે વિદ્યાર્થીઓની મેન્યુઅલ હાજરી પૂરતા. હવે ડિજિટલ હાજરી પૂરવાની હતી. હું જ્યારે ભણતી હતી ત્યારે સિલેબસ અલગ હતો, હું જ્યારે 10 વર્ષ પહેલાં ભણાવતી ત્યારે સિલેબસ અલગ હતો અને હવે ફરી અલગ છે. સિલેબસ બદલાતો જાય એટલે આપણે પણ નવા સબ્જેક્ટ રીડ કરવા પડે. આ બધું શરૂઆતમાં અઘરું લાગ્યું. 10 વર્ષનો બ્રેક લીધો હતો ત્યારે તો ઘરે બપોરના આરામ કરવા ટેવાયેલી હતી એ પણ ફરી જોબ સ્ટાર્ટ કરતા છૂટયું. આ બધાં કારણોથી ફરી જોબ સ્ટાર્ટ કરવી અઘરું ચોક્કસ લાગ્યું હતું પણ હવે ટેવાઈ ગઈ છું. હવે તો ઘરનાં બધાં કામ એડવાન્સમાં કરી લઉં છું. વળી તેમાં મારા હસબન્ડનો મને સપોર્ટ મળે છે. જો કે મારી જ નહીં બધી જ વર્કિંગ વુમનની આ કહાની છે કે, ઘરમાં બાળકોને સંભાળવા બધાં જ સપોર્ટ કરતાં હોય પણ જ્યારે તેમનાં કોઈ કામ હોય જેમ કે મીટિંગ છે કે બિઝનેસ રિલેટેડ કામ હોય તો તેઓ તેમના કામને ફર્સ્ટ પ્રાયોરિટી આપશે. જ્યારે સ્ત્રી માટે ફર્સ્ટ પ્રાયોરિટી તેનું બાળક જ હોય પછી બીજાં કામો.’’





**બાળક સમજતું થઈ જાય ત્યાર બાદ શહેરની ઘણી સ્ત્રીઓ જોબ કે વ્યવસાયમાં વાપસીનો નિર્ણય લે છે પણ તે ફરી પોતાના કરિયરમાં સેટ થઈ શકશે કે નહીં તેને લઈને તેનો આત્મવિશ્વાસ ડગમગતો હોય છે. વળી, પોતાના સાથી કર્મચારીઓ તેને સવાલોના ઘેરામાં મૂકશે. તું જોબમાં ફરી સેટ થઈ શકીશ ખરી, હવે નવી સિસ્ટમ, નવી ટેક્નોલોજીમાં તને સમજ પડવામાં સમય લાગશે ને? આ બધા સવાલો તેને ઘેરી વળે છે. હાફ ડે જોબ કરે કે ફૂલ ડે તેને તેનાં બાળકની યાદ સતાવે તેની ચિંતામાં કામમાં મન નહીં ચોંટે. આવી સ્થિતિમાં હવે સુરતની ઘણી મહિલાઓ વર્ક ફ્રોમ હોમથી તેના કરિયરની બીજી ઈનિંગ શરૂ કરે છે. એની પાછળનું કારણ આ સમય દરમિયાન તે તેની ગેરહાજરીમાં બાળક અટવાય નહીં તેની ટ્રેનિંગ આપી તેને થોડું ઘણું ઈન્ડિપેન્ટ થતાં શીખવે છે અને તે દરમિયાન તે પોતાની જાતને કરિયરની બીજી ઈનિંગ માટે પોતાની જાતને સક્ષમ બનાવી લે છે.**